© AJH 2019 | Vol. 01, Issue 01, Jan. – June 2019

ANSH – Journal of History

ISSN (Online) No. 2582 -046X

Peer-Reviewed, Refereed & Open-Access International Journal of History

# કચ્છના સાંસ્કૃતિક ઈતિહાસમાં પંડિત પીતાંબરનું યોગદાન

**ચાડ શંભુ લખણા,** શોધછાત્ર, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી-ભુજ

**ડો. કે. એમ. ત્રિવેદી,** શોધમાર્ગદર્શક, HOD સંસ્કૃત-વિભાગ, કચ્છ યુનિવર્સિટી-ભુજ

*Abstract :*

*આ સંસોધન લેખમાં કચ્છની અસ્મિતા સાથે જોડાયેલ એવા વ્યક્તિ વિશેષ પંડિત પીતાંબરના સાંસ્કૃતિક યોગદાનની માહિતી આપવામાં આવી છે. પંડિત પીતાંબર (ઇ.સ.૧૮૪૭ થી ૧૯૦૩) ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં થયેલા કચ્છનાં મહત્ત્વપૂર્ણ ઈતિહાસિક વ્યક્તિ છે. તેઓ કચ્છના વિભિન્ન વિસ્તારો અને કચ્છ બહાર પરિભ્રમણ કરી વેદાંતનું પ્રચાર-પસાર કરેલ છે. તેમણે અંદાજે પાંત્રીસ જેટલા વેદાંત આધારિત ગ્રંથો રચેલા છે. જેમાં વિચારચંદ્રોદય ખૂબ ખ્યાતિમાન ગ્રંથ છે. જેનો અંગ્રેજી અને હિન્દી ભાષામાં અનુવાદો થયેલ છે. તેમજ શાંકરભાષ્ય અને આનંદગીરીટીકા સહિત મુખ્યદશોપનિષદનું લોકભાષામાં અનુવાદ તથા વિચારસાગર અને પંચદશી પર ટીપ્પણી રચીને મહત્વપુર્ણ યોગદાન આપેલ છે. પંડિત પીતાંબર દ્વારા રચિત સાહિત્ય અને તેના મહત્વને સહસંદર્ભ પ્રસ્તુત સંસોધનમાં પ્રદર્શિત કરેલ છે.*

*Key word : પંડિત પીતાંબર, સાંસ્કૃતિક ઈતિહાસ, સાહિત્ય, વેદાંત*

**પ્રસ્તાવના :-**

કવિ નિરંજન દ્વારા કચ્છના રાષ્ટ્રગાન તરીકે પ્રસિદ્ધ 'આય વલો અસાંજો વતન' રચેલ છે. આ રાષ્ટ્રગાનમાં કચ્છની અસ્મિતાને ઉજાગર કરનાર વિશેષ વ્યક્તિઓનો સન્માનપૂર્વક ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં પંડિત પીતાંબરનું ઉલ્લેખ આ કરવામાં આવ્યું છે કે -

"ઈશ્વર જેડા દાસ ઈશ્વરજા, મેકણ જેડા મહંત, જગડૂસા, ખેંગાર પીતાંબર માડીજા માજન,

મૂંજી માતૃભૂમિ કે નમન..."

કચ્છના ઇતિહાસના મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓની ગણના થતી હોય ત્યારે પંડિત પીતાંબરનો આવશ્ય ઉલ્લેખ કરવામાં આવે છે. તેમણે વેદાંત ઉપર અંદાજે ૩૫ (પાંત્રીસ) ગ્રંથો રચી અમૂલ્ય યોગદાન આપેલ છે.

**પંડિત પીતાંબરનું પરિચય ;-**

પંડિત પીતાંબરના પૂર્વજો કચ્છના અંજારમાં રહેતા હતા. પંડિત પીતાંબરના દાદા પંડિત લાલજી આસંબિયાથી નજીક આવેલા મંજલ(તરા) ગામમાં સ્થિર થયા. આ લાલજીના પુત્ર પુરુષોત્તમ હતા. તેમના ધરે પંડિતપીતાંબરનું જન્મ થયો હતો. તેમનું જન્મ જેષ્ઠ સુદ દસમી વિક્રમ સંવત ૧૯૦૩ના (ઇ.સ. મે/જૂન ૧૮૪૭)ના કચ્છના નખત્રાણા તાલુકાનાં મંજલ(તરા) ગામમાં થયો હતો.[૧] તેમની માતાનું નામ વીરવતી કે વીરબાઈ હતું. તેમણે તેમના પિતા, ગુરુ બાપુ મહારાજ તેમજ અન્ય તે સમયના મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓ પાસે વેદાંતનું ગહન અભ્યાસ કરેલ હતો. તથા જીવનના અંતિમ સમયે તેમણે કુટુંબીજનો પાસેથી અનુમતિ લઈને સન્યાસ ગ્રહણ કરી 'શ્રી પરમાનંદસરસ્વતી' નામ ધારણ કર્યું.[2] અને સવંત ૧૯૬૧(મે/જૂન ઇ.સ.૧૯૦૩) વર્ષે વૈશાખ વદ સપ્તમી અને ગુરુવારે પ્રણવનું ઉચ્ચારણ કરીને દેહનું ત્યાગ કર્યો.[3] આ ટુકા જીવનકાળમાં વેદાંત પર વિપુલ સાહિત્ય રચીને અમર થઈ થયા.

**સાંસ્કૃતિક ઇતિહાસ :-**

સંસ્કૃતિ કે સભ્યતા માનવીને જંગલી અવસ્થામાથી સભ્ય અવસ્થાએ લઈ જનાર પ્રક્રિયાઓ અને પરિબળો. સંસ્કૃતિ માનવસમાજની પેદાશ છે. સમાજના એકમ તરીકે પોતાના જીવનને સુખી અને સમૃધ્દ બનાવવા માટે મનુષ્ય જે કાઇ બૌધ્ધિક કે ભૌતિક ખેડાણ કરે છે. તેનો સમાવેશ સંસ્કૃતિમાં થાય છે જેમ કે, સાહિત્ય, કલા, સ્થાપત્ય, સુનિયોજિત ધર્મો, ભદ્રતા જેવા જટિલ વિચારોનો સમાવેશ થાય છે.

**કચ્છના સાંસ્કૃતિક ઈતિહાસમાં પંડિત પીતાંબરનું યોગદાન :-**

સાહિત્ય એ સંસ્કૃતિનું મહત્ત્વપૂર્ણ અંગ છે. પંડિત પીતાંબરે વેદાંતદર્શન પર ગહન અભ્યાસ કર્યો છે. તેમણે આ દર્શન પર પાંત્રીસ જેટલા ગ્રંથો રચ્યા છે. જેમાંથી કેટલાક પ્રાપ્ય છે તો કેટલા અપ્રાપ્ય છે. તેમણે તેમના ગ્રંથોના માધ્યમથી વેદાંતદર્શનમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપેલ છે. તેમના આ યોગદાનના આધારે 'કચ્છના શંકરાચાર્ય' કહીએ તો જરાય અતિસયોક્તિ નથી. કચ્છની સંસ્કૃતિમાં તેમણે રચેલ સાહિત્યના યોગદાન જોઈએ.

પંડિત પીતામ્બરે રચિત સાહિત્યને સ્વતંત્ર ગ્રંથો, સ્વતંત્ર ટીકા ગ્રંથો, ટિપ્પણી કરેલ ગ્રંથો અને અનુવાદિત ગ્રંથોમાં વિભાજિત કરી પ્રસ્તુત કર્યા છે. અહીં પ્રત્યેક ગ્રંથનું પરિચય અને સ્થાનને ટૂકમાં વર્ણીત-

**પંડિત પીતાંબરના સ્વતંત્ર ગ્રંથો :-**

**1. વિચારચંદ્રોદય :-**

આ ગ્રંથમાં વેદાંતદર્શનના વિભિન્ન સિધ્ધાંતોને પ્રશ્નોત્તરરૂપે પ્રસ્તુત કરેલ છે. આ ગ્રંથના પ્રકાશક પંડિત પીતાંબરના સાક્ષાત શિષ્ય શરિફ સાલેમહમદ નૂરની છે. તેમજ આ ગ્રંથ ૧૬ પ્રકરણમાં વિભક્ત છે જ્યાં પ્રકરણનું નામ 'કલા' આપવામાં આવ્યું છે. અહી વેદાંતના મહત્ત્વપૂર્ણ સિધ્ધાંતો સરળ ભાષામાં વર્ણવામાં આવ્યા છે.

પંડિત પીતાંબર દ્વારા રચિત આ ગ્રંથ તેમના સર્વ ગ્રંથોમાં સુપ્રસિધ્ધ ગ્રંથ છે. આ ગ્રંથે સરળશૈલી, ક્રમિકતા, પ્રવાહિતા અને ગહનતાના કારણે ખૂબ લોકપ્રિયતા મેળવી છે. અદ્વૈત-વેદાંતદર્શનના મહત્ત્વપૂર્ણ ભાષાગ્રંથોનો ઉલ્લેખ થતો હોય ત્યાં આ ગ્રંથ અવશ્ય ઉલ્લેખનીય છે. ઇ.સ.૧૯૧૪સુધી આ ગ્રંથની કુલ ૭ આવૃત્તિ પ્રકાશિત થઇ છે અને અંદાજે ૧૫૦૦૦ જેટલી બહોળા પ્રમાણમાં નકલો વેચાયેલ છે. એટલું જ નહીં આ ગ્રંથ હિન્દી અને ઇંગ્લિશ ભાષામાં પ્રકાસિત પણ થયેલ છે.

**2. શ્રીબાલબોધ :-**

આ ગ્રંથ પંડિત પીતાંબર દ્વારા રચિત સ્વતંત્ર ગ્રંથ છે. દોહા છંદમાં નિબધ્ધ છે. લેખક દ્વારા પ્રત્યેક દોહા પર સ્વતંત્ર અને વિસ્તૃત 'શ્રીબાલબોધિની' નામની ટીકા કરેલ છે અને દોહામા તેમજ ટીકામાં આવતા ગૂઢપદાર્થો પર લેખકે ટિપ્પણી કરી છે. આ ગ્રંથના પ્રકાશક પંડિત પીતાંબરના પૌત્રો પંડિત શિવદાસ દેવકૃષ્ણ અને પંડિત દામોદર દેવકૃષ્ણ છે. ગ્રંથનું મુદ્રણ 'દિ. સી. સાકળકર, લોકસેવક પ્રેસ' દ્વારા કરવામાં આવ્યું છે અને આ ગ્રંથની ઇ. સ. ૧૯૨૭માં ત્રીજી આવૃત્તિ પ્રકાસિત થઇ છે. આ ગ્રથ નવ ઉપદેશમાં વિભાજિત છે. જેમાં વેદાંત દર્શનનું પ્રારંભિક જ્ઞાન આપવામાં આવેલ છે.

**3. શ્રુતિષડલિંગસંગ્રહ :-**

પંડિત પીતાંબર દ્વારા સંસ્કૃત ભાષામાં રચિત આ પધાત્મક ગ્રંથ છે. આનંદગિરિએ 'તત્ત્વાલોક' નામના ગ્રંથમાં શ્રુતિષડલિંગનું વર્ણન કરેલ છે પરંતુ એ ગ્રંથ લેખકને પ્રાપ્ત ન થતા એ ગ્રંથના સારાંશરૂપ આ ગ્રંથ રચેલ છે.[4] લેખકે સંસ્કૃત ભાષામાં પ્રાધાત્મક રચના કરી પ્રત્યેક પધની લોકભાષા(હિન્દુસ્તાની ગુજરાતી) માં અનુવાદ કરેલ છે. તેથી સંસ્કૃત ભાષા ન જાણનાર લોકો પણ સરળતાથી આ ગ્રંથનો અભ્યાસ કરી શકે છે.

4. **વૃત્તિરત્નાવલી :-**

વેદાંતદર્શન કુલ ષડપ્રમાણોનું સ્વીકાર કરે છે. જે આ પ્રમાણે છે - પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ. લેખક દ્વારા આ ષડપ્રમાણોની આ ગ્રંથમાં વિસ્તૃત વિવેચના કરેલ છે. આ ગ્રંથ મૂળ નિશ્ચલદાસ દ્વારા રચિત વૃત્તિપ્રભાકરનું સારાંશરૂપ ગ્રંથ છે. આ સંપૂર્ણ ગ્રંથ તર્ક અને ન્યાયદર્શનની શૈલીમાં રચિત છે અને પંડિતગમ્ય છે.

**5. ષડદર્શનસારાવલી :-**

પંડિતપીતામ્બરે ષડદર્શનસારાવલીમાં આસ્તિક-ષડદર્શનના સિદ્ધાંતોનું સાર આપેલ છે. જે ષડદર્શન આ પ્રમાણે છે – ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંશા અને ઉત્તરમીમાંશા. આ સારાવલીમાં ષડદર્શનોના કુલ સત્તર તત્ત્વોનું નિર્દેશ કર્યું છે.

**પંડિત પીતાંબર દ્વારા રચીત ટીકા ગ્રંથો :-**

**1. વેદસ્તુતિ પર ટીકા :-**

સર્વ ગ્રંથોમાં શ્રીમદ્‌ભાગવત સર્વશ્રેષ્ઠ છે. આ પુરાણમાં અનેક આધ્યાત્મ પ્રસંગો આવે છે. આ સર્વ પ્રસંગોમાં વેદસ્તુતિનું પ્રસંગ સર્વશ્રેષ્ઠ છે કેમ કે તેમાં સર્વ વેદોનું તાત્પર્યરૂપ અમૃત રસ છે.

આ ટીકામાં મૂળ અને તેની નીચે સંસ્કૃતમાં અન્વય આપેલ છે. સંસ્કૃત ભાષામાં અન્વય અને અન્વયમાં આવતા શબ્દોનો અર્થ આપ્યા બાદ લોકભાષામાં તેની વિસ્તૃત વ્યાખ્યા આપેલ છે. જેમાં પ્રાયઃ સંસ્કૃતભાષામાં કરેલ અન્વય અને તાત્પર્યાર્થનું અનુવાદ છે. આ અનુવાદ લોકોને સરળતાથી સમજાય તેવા શબ્દ પ્રયોગ કરેલ છે. કઠિન વિષયને સરળતા પૂર્વક સમજાવેલ છે.

**2. 'સુંદરવિલાસ' ના વિપર્યય નામના ૨૦માં અંગ પર ટીકા :-**

આત્મજ્ઞાન માટે સંસ્કૃત ભાષા સિવાય લોક(પ્રાકૃત)ભાષામાં રચાયેલ 'સુંદરવિલાસ' મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. દાદૂ સંપ્રદાયના સાધુ શ્રીસુંદરદાસજી દ્વારા આ ગ્રંથની રચાના કરેલ છે. આ ગ્રંથના 20માં અંગનું નામ 'વિપર્યય' છે. જેમાં કુલ ૩૨ પદ્ય છે. 'વિપર્યય' આ અંગમાં સુંદરદાસજીએ વિરુદ્ધ અભિપ્રાયથી વિષય રજૂ કર્યું છે. તેથી તેના અર્થને સમજવું દુષ્કર છે તેથી તેના પર ટીકાની આવશ્યકતા સમજીને આ ટીકાની રચના કરી છે.

3. **વિચારસાગરના મંગલાચરણરૂપ પાંચદોહા પર ટીકા :-**

દાદૂ સંપ્રદાયના શ્રીનિશ્ચલદાસજી દ્વારા 'વિચારસાગર' નામનો ગ્રંથ રચવામાં આવ્યો છે. આ ગ્રંથનું મંગલાચરણ પાચ દોહામાં ગ્રંથકાર દ્વારા કરવામાં આવ્યું છે. આ દોહાઓમાં વેદાંતદર્શનના અનેક સિધ્ધાંતોનો વર્ણન છે. જેના પર પંડિત પીતામ્બરે ટીકા કરી છે.

**પંડિત પીતામ્બર દ્વારા વેદાંતદર્શનના વિવિધ ગ્રંથો પર કરેલ ટીપ્પણીની સમીક્ષા :-**

પંડિતપીતામ્બરે સ્વતંત્રગ્રંથો તથા સ્વતંત્ર ટીકા ગ્રંથોમાં વેદાંતના વિભિન્ન સિધ્ધાંતોની વિસ્તૃત વિવેચના કરી છે. આ જ પ્રકારે વિચારચંદ્રોદય, વિચરસાગર, પંચદશી, શ્રીબાલબોધ વગેરે વેદાંતદર્શનના મહત્ત્વપૂર્ણ ગ્રંથો પર ટીપ્પણી કરી છે. આ ટીપ્પણીઓમાં મૂળગ્રંથ કે તેના પરની ટીકામાં આવતા ગૂઢાર્થ અને તાત્પર્યાર્થની સમજ આપી છે. આ ટીપ્પણીઓને વૃત્તિ કહી શકાય. પંડિત પીતામ્બરે જે ગ્રંથો પર ટીપ્પણી કરી છે તેની માહિતી આ પ્રમાણે છે [5] –

| ક્રમ | ગ્રંથનું નામ | ટીપ્પણીની સંખ્યા |
|---|---|---|
| १ | विचारसागरः | ५५३ |
| २ | विचारसागरस्य पञ्चदोहा उपरि टीका | ४५ |
| ३ | पञ्चदशी-सटीक-सभाषा | ८३५ |
| ४ | सुन्दरविलासः | १०५ |
| ५ | विचारचन्द्रोदयः | १०५ |
| ६ | श्रीबालबोधसटीक-सभाषा | २०१ |
| ७ | मनोहरमाला | ४५२ |

| | | |
|---|---|---|
| ૮ | સર્વાત્મભાવપ્રદીપઃ | ૧૦૫ |

**પંડિત પીતામ્બર દ્વારા અનુવાદિત ગ્રંથોની સમીક્ષા :-**

ઓગણીસમી સદી સુધી વેદાંતદર્શનના અભ્યાસ માટે સંસ્કૃત ભાષાનું જ્ઞાન આવશ્યક હતું કેમ કે, વેદાંતના મૂળભૂત ગ્રંથો જેવા કે ઉપનિષદ, ગીતા અને બ્રહ્મસૂત્ર તથા તેના ઉપર રચવામાં આવેલ ભાષ્ય અને ટીકાઓ પણ સંસ્કૃત ભાષામાં જ ઉપલબ્ધ હતા. આ કારણથી ઉત્તમ જિજ્ઞાસુ, પરમ આસ્તિક તથા વેદાંતમાં રુચી રાખનાર વ્યક્તિઓ માત્ર સંસ્કૃત ન જાણવાથી વેદાંતદર્શનના અભ્યાસથી વંચિત રહી જતાં હતા.

પંડિત પીતામ્બરે મૂળ સંસ્કૃતભાષામાથી લોકભાષામાં અનુવાદ કર્યું છે. આ લોકભાષા વ્રજભાષા કે પ્રાચીન હિન્દી પ્રકારની છે. અનુવાદ કર્તાએ આ ભાષાને ‘હિન્દુસ્તાની ગુજરાતી’ એવું નામ આપ્યું છે. તેમણે કરેલ અનુવાદિત ગ્રંથોની સૂચિ આ પ્રમાણે છે-

1. ईषाद्यष्टोपनिशद् (ईश-केन-कठ-मुण्डक-माण्डुक्य-तैत्तरीय-एतरेय उपनिषद् )
2. छान्दोग्योपनिशद्
3. बृह्दाण्यकोपनिशद्
4. पञ्चदशी
5. अष्टावक्रगीता
6. श्रीमद्भगवद्गीता
7. पदार्थमन्जुषा
8. मनोहरमाला

આપેલ પ્રત્યેક અનુવાદિત ગ્રંથોનો વિશેષ મૌલિક મહત્ત્વ રહેલો છે.

આ ઉપરાંત પંડિત પીતાંબર દ્વારા રચીત ગ્રંથોના માત્ર નામોલ્લેખ પ્રાપ્ત થાય છે. તેની યાદી આ મુજબ છે.[6]

| ક્રમ | ગ્રંથનું નામ |
|---|---|
| 1 | सर्वात्मभावप्रदीप |
| 2 | त्रिलोकराज कृत ‘मनोहरमाला’ पर टीका |

| | |
|---|---|
| 3 | प्रश्नोतरकदंब |
| 4 | बोधरत्नाकर |
| 5 | मोहजीत कथा |
| 6 | सदाचारदर्पण |
| 7 | ज्ञानागस्ति |
| 8 | भूमिभाग्योदय |
| 9 | रूपकादर्श |
| 10 | संशयसुदर्शन |
| 11 | दशमस्कन्धरहस्य |
| 12 | जीवन्मुकतोत्तराचार |

**આમ, પંડિત પીતામ્બરે વેદાંત પર વિપુલ સાહિત્ય રચીને યોગદાન આપેલ છે. તેઓની સાહિત્યિક યોગદાનની કચ્છ અને કચ્છના લોકો તેમને હમેશા યાદ રાખશે.**

**સંદર્ભ સૂચિ :-**


1. पण्डित-पीताम्बर, विचारचन्द्रोदय (सटिप्पणी), प्रकाशक–शरिफ़ सालेमहंमद नूरानी, निर्णय-सागर प्रेस- मुंबई-1914-पृ.47
2. पण्डित-पीताम्बरः, श्रीबालबोध (सटिप्पणी), प्रकाशक- पण्डित शिवदास देवकृष्ण, मुद्रक-दि.सी. सखळकर, लोकसेवक प्रेस-1927- पृ. 69
3. કચ્છનો સર્વાંગી ઇતિહાસ-ભાગ 2, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદ-પ્રથમ આવૃતિ, 2012, પૃ. 183
4. तत्त्वालोके विशेषोऽपि विचारस्तददर्शनात् ।
   मया त्वेषां समासेन क्रियते दिक्प्रदर्शनम् ।। श्रुतिषड्लिङ्गसंग्रहः १/२०
5. निश्चलदासजी, सं.पण्डितपीतांबर, विचारसागर, प्रकासक- शरिफ़ सालेमहंमद नूरानी, प्रकाशन-खेमराज श्रीकृष्णदास, श्रीवेङ्कटेश्वर स्टीम-प्रेस-बम्बई-1953-पृ.21-23

6. पण्डित-पीताम्बरः, श्रीबालबोध (सटिप्पणी), प्रकाशक- पण्डित शिवदास देवकृष्ण, मुद्रक- दि.सी. सखळकर, लोकसेवक प्रेस-1927-पृ.44-45

**સંદર્ભ સાહિત્ય :-**


1. કચ્છનો સર્વાંગી ઇતિહાસ-ભાગ 2, પ્રયોજક- કચ્છ ડેવલોપમેન્ટ કાઉન્સીલ- અમદાવાદ,ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદ-પ્રથમ આવૃતિ, 2012, ISBN : 978-81-8480-798-1
2. विचारचन्द्रोदय (सटिप्पणी), ले. पण्डित-पीताम्बर, निर्णय-सागर प्रेस, मुंबई. प्रकाशकः – शरिफ़ सालेमहंमद नूरानी ।
3. श्रीबालबोध (सटिप्पणी), ले. पण्डित-पीताम्बरः,मुद्रक : दि.सी. सखळकर, लोकसेवक प्रेस, प्रकाशकः- पण्डित शिवदास देवकृष्ण।
4. A treatise on advaita Vedanta :- S. bhuvaneshwari, printed and published by D.K. printwork, new delhi.
5. विचारसागर, निश्चलदासजी, सं.पण्डितपीतांबर, प्रकासक- शरिफ़ सालेमहंमद नूरानी, प्रकाशन- खेमराज श्रीकृष्णदास, श्रीवेङ्कटेश्वर स्टीम-प्रेस-बम्बई-1953